વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# PANCHSHIL

અંક : 122 | વર્ષ : 12 | જાન્યુઆરી : 2024 | પેઈઝ : 15
સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા

## વિજયી વિશ્વ તિરંગા પ્યારા,
## ઝંડા ઊંચા રહે હમારા



26 January
Republic Day

શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011
web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in




એક ખેતર હતું. ખેતર પાસેના ઝાડ પર એક ચકલી અને એક કબૂતર રહેતાં હતાં. ચોમાસું સારું રહ્યું હોવાથી ખેતરમાં ખુબ જ સારો પાક થયો હતો. ખેતર દાણા વાળા ડૂંડાઓથી લચી રહ્યું હતું. ચકલી રોજ વહેલી સવારે ખેતરમાં દાણા ચણવા જતી હતી. લણણી (પાકની કાપણી)નો સમય નજીક આવ્યો એટલે ચકલીએ શિયાળાની ઋતુ માટે દાણા ભેગા કરી સાચવી રાખવા વિચાર્યું. તેણે કબૂતરને પણ એમ કરવા કહ્યું. કબૂતર આળસુ હતું એટલે એણે ધ્યાન ન આપ્યું. રોજ સવારે ચકલી કબૂતરને એની સાથે આવવા કહેતી હતી ત્યારે કબૂતર એને કહેતું:

'ઠાગા ઠૈયા કરું છું..ચાંચુડી ઘડાવું છું...જાવ રે ચકલીબેન આવું છું.

ચકલી દાણા એકઠા કરતી હતી. તેણે કબૂતરને કહ્યું કે હવે ગમે ત્યારે ખેડૂત પાકની કાપણી કરી લેશે. પણ આળસુ કબૂતર મોડું કર્યે રાખતું અને કહ્યા કરતું:

'ઠાગા ઠૈયા કરું છું..ચાંચુડી ઘડાવું છું...જાવ રે ચકલીબેન આવું છું..

એક દિવસ ખેડૂતે પાકની કાપણી કરી લીધી. ચકલીએ તો દાણા ભેગા કરી લીધા હતા પણ આળસુ કબૂતર શિયાળા માટે પૂરતા દાણા ભેગા ન કરી શક્યું. જ્યારે કબૂતરને તેના આળસુ સ્વભાવની કિંમત ચુકવવી પડી.

સારું જીવન જીવવા માટે આળસ ખુબ જ નુકસાનકર્તા છે.

પંચશીલ સ્કૂલ દ્વારા આપણા ગુજરાતનું ગૌરવ એવા, રાષ્ટ્રીય શાયર 'શ્રી ઝવેરચંદ મેઘાણી' ના સંપુર્ણ જીવનને ચરિતાર્થ કરતું પ્રદર્શન એટલે ...... 'મેઘાણી જીવન દર્શન'

તેમાં બહુ ઝીણવટપૂર્વક દરેક માહિતીને આવરીને ખૂબ જ સુંદર રીતે પ્રદર્શીત કરવામાં આવી છે. જેના થકી આપણે આ મહાન વ્યકિતત્વને બહુ સારી રીતે જાણી શકીએ ......



**તલસાણિયા મનિત**
**ધોરણ - ૩ બી**

સરોઠ તણી રસધારમાં,
જે રંગ છે, મર્દો તણો,
હે અવતર આપે, પાળીયાને,
આપના , ગુણલા સુનો,
સમદર વહયો તો, બની ઝરણું,
સોરઠી શણગરમાં ,
હે, સો-સો સલામુ સામટી,
મેઘાણીના ગુલઝરમાં
હે, મેઘાણીના ગુલઝારમાં ..........

આ ''પાઘડીવાળા'' એ તો ''પા-ઘડી'' પણ પોતાનો વિચાર કર્યા વગર સંપૂર્ણ જીવન દેશપ્રેમ, સમાજસેવા અને સાહિત્યના માધ્યમથી લોક-કલ્યાણ માટે સમર્પિત કરી દીધું. સમય જતાં ભૂતકાળના પેટાળમાં દફન થઇ ગયેલા ઈતિહાસને સ્વમૂલ્યાંકન કરી, પોતની આગવી કવિશૈલીમાં શાબ્દિક રીતે કોરા કાગળ પર ચિત્રાંકન કરી જીવંત કર્યો છે......

ગુલામીની સંકુચિત માનસીકતા ધરાવતા અનેક દિનઃદુઃખીચા, લાચાર તેમજ જૂલ્મોના ત્રાસથી આક્રંદ કરતાં લોકોને આઝાદીનું મહત્વ સમજાવી, સાહસિક અને નિડર બની કેમ જીવવું તેનો ઉતમ સંદેશ, પોતાના ખૂમારી ભર્યા ગીતો અને કવિતા દ્વારા આપ્યો......

ઈતિહાસ સાક્ષી છે તેવા રાજા-રજવાળા, બહારવટીયા, સંતો-મહંતો, સતીઓના નિઃસ્વાર્થ પ્રેમ , સમર્પણ, ત્યાગ કે માનવતાની ''ઉમદા'' ભાવનાની વાત હોય અથવા તો અનેક શૂરવીરો કે જેમણે સ્વાભિમાન ખાતર મોતને પણ મીઠુ કરીને પોતાના મસ્તકને હસતાં મૂખે ઉતાર્યા હોય એવા ''મહારથીની'' ''યશગાથા'' હોય, તેને લોક-હૃદય સુધી પહોંચાડવામાં ઝવેરચંદ મેઘાણીનું ખૂબ જ અગત્યનું યોગદાન કહી શકાય ..........

એક શિક્ષક, કવિ, ગાયક, લેખક, સમાજ-સુધારક, દેશભકત અને લોક-હિતેચ્છુ વગેરે જેવા અનેક સદ્ગુણ સંપન્ન આ મહાન વિભૂતિના ગુણગાન માટે શબ્દો પણ ઓછા પડે. એમના શબ્દો અને વિચારધારામાં એવી અનંત શકિત હતી કે જે સાંભળતા જ શોર્યરસ, કરૂણતા, પ્રેમ અને ભકિતરસ જેવા ભાવોથી મન ભાવ-વિભોર થઇ જતું......

''ઝવેરચંદ મેઘાણી'' એ લોક-સાહિત્યના રૂપમાં આપેલો વારસો ભવિષ્યમાં પણ માનવિય જીવન માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે. આખરમાં કહું તો આ ''સાહિત્ય સમ્રાટ'' ની યશ કિર્તી અને પ્રતિભા સદૈવ ગુલાબના પૂષ્પોની સુવાસની જેમ ચારેય દિશામાં મહેકતી રહે.........

આભાર - અભિવ્યકિત

સૌ પ્રથમ તો આ પ્રકારના પ્રદર્શનનો વિચાર, એ જ ખૂબ મહત્વની વાત છે. કારણકે, ફકત ''ઝવેરચંદ મેઘાણી'' ના જ જીવનને ચરિતાર્થ કરતું આ પ્રમાણેનું પ્રદર્શન લગભગ કયાંય જોયું નથી.

સંગીત, નૃત્ય તથા અભિનયના માધ્યમથી સબળતાપૂર્વક અને વિગતવાર માહિતીને વ્યવસ્થિત રીતે ક્રમબદ્ધ રજુ કરવામાં ખૂબ જ સરાહનીય મહેનત જોવા મળી.

બાળકોની સાથે-સાથે તેમના શુભચિંતક, એવા સારા સલાહકાર અને મદદગાર દરેક શિક્ષકોનો બહુમૂલ્ય ફાળો પણ ગણી શકાય. કારણ કે, આ બધી કામગીરીને પૂરી જવાબદારીથી ન્યાય આપવો ખૂબ જ અઘરૂ કામ છે, જે એક પડકારના રૂપમાં સ્વીકારી સૌએ સફળતાપૂર્વક પરીપૂર્ણ કરી બતાવ્યું.

શાળાના આયોજકના યથાર્થ પ્રયત્નના પરિણામ સ્વરૂપ, આ વ્યકિતત્વથી પ્રેરિત થઇ ઘણાં બાળકોમાં કોઇ સારા શિક્ષક, લેખક, પત્રકાર, કવિ, સમાજસેવક અથવા તો સારા દેશભકત બની શાળા તેમજ પરિવારનું નામ રોશન કરશે...

ખરેખર આપની શાળામાં બાળકના સર્વાંગી વિકાસના હેતુલક્ષી પરિબળોને ધ્યાનમાં રાખી, ભણતર સાથે ગણતર અને જ્ઞાન સાથે ગમ્મત વગેરે જેવી અનેક બાબતોને પ્રાધાન્ય આપવામાં આવે છે. જેથી વિદ્યાર્થીનું ભવિષ્ય ઉજવળ બને.

અંતમાં, આચાર્ય તેમજ દરેક શિક્ષકોનો આભાર વ્યકત કરતાં એટલું જ કહીશ કે આ શાળાએ પ્રાચીન ગુરૂકુળની શૈક્ષણિક પરંપરાને ઉજાગર કરી છે. ખરેખર, વાલી તરીકે અમને ગર્વ છે કે અમારૂ બાળક આ શાળામાં અભ્યાસ કરે છે.

# મેઘાણી જીવન દર્શન પ્રદર્શનનું ઉદઘાટન મુરબ્બીશ્રી ભરતભાઈ યાજ્ઞિક દ્વારા














# બાળ પ્રતિભાઓ













# ખુમારી ને ખાનદાની











# સંધ્યા ખીલી પંચશીલની ડાળે ઝુલ્યા પરદેશીઓ















# U.K.GUEST





PANCHSHIL SCHOOL
Well Comes
Chopwell Primary School


PANCHSHIL




SCHOOL


PANCHSHIL
SCHOOL
PANCHSHIL SCHOOL



# ACTIVITY WITH U.K. STUDENT













# PUZZLE GAME WITH U.K. STUDENT










# FAREWELL TO CHOPWELL SCHOOL













# પંચશીલની સિદ્દિધીઓ

**1** વક્તૃત્વ સ્પર્ધા માં
પ્રથમ નંબર મેળવેલ છે



રામકૃષ્ણ આશ્રમમાં
**અજુડિયા શૌર્ય**
ધોરણ-૬

**1** દુહા છંદ માં
પ્રથમ નંબર મેળવેલ છે



કલા મહાકુંભ માં
**ડોબરીયા દેવ**
ધોરણ-૬

**Semi Finalist**



Dance ka Dangal
Season - 2
TV Reality Show
**Yashdeep Solanki**

**Dance ka Dangal Season - 2 TV Reality Show**



**Best Choreographer Awardad by**
**MASTER MUDASSAR KHAN**





# બોર્ડના વિદ્યાર્થીઓમાં રહેલો પરીક્ષાનો ભય દુર કરવા માટે

## માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી દ્વારા 'પરીક્ષા પે ચર્ચા' નિહાળતા વિદ્યાર્થીઓ









# બાળ સેતુ ચર્ચા

## વાલીગણ અને શિક્ષક પરિવાર









# પંચશીલ સ્કૂલ



ઉપરના  સોશિયલ મીડિયા આઈકન ઉપર ક્લીક કરી આપણી સ્કૂલ સાથે કનેક્ટ થઈએ